THE ECONOMIC TIMES
18 FEBRUARY 2015

# આઈનોક્સ વિન્ડનો ₹4,500 કરોડનો કરાર

**પીટીઆઈ**

**નવી દિલ્હી**

આઈનોક્સ વિન્ડે ગુજરાત સરકાર સાથે ₹૪,૫૦૦ કરોડના કરાર કર્યા છે. કંપનીએ ગુજરાતમાં ઈન્ટિગ્રેટેડ વિન્ડ ટર્બાઈન મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી કોમ્પ્લેક્સ સ્થાપવા આ કરાર કર્યા છે. આઈનોક્સ વિન્ડે ગુજરાત સરકાર સાથે રાજ્યમાં ₹૪,૫૦૦ કરોડના ખર્ચે ૭૦૦ મેગાવોટની વિન્ડ પાવર ક્ષમતા સ્થાપવા કરાર કર્યા હોવાનું કંપનીએ તેના નિવેદનમાં જણાવ્યું હતું.



કંપની પાસે ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ના અંતે ૧,૨૫૮ મેગાવોટની ઓર્ડરબુક છે. કંપનીના ગ્રાહકોમાં ગ્રીન ઈન્ફ્રા, કન્ટિન્યુઅમ વિન્ડ એનર્જી, ટાટા પાવર રિન્યુએબલ એનર્જી, વેલસ્પન એનર્જી, ભીલવારા એનર્જી, આરઈ ન્યૂ પાવર વેન્ચર્સ, હીરો ફ્યુચર્સ એનર્જીસ અને સીઈએસસીની પેટાકંપનીનો સમાવેશ થાય છે. ગુજરાતના રાજકોટ, અમરેલી અને કચ્છ એમ ત્રણ જિલ્લામાં આ સમજૂતીપત્ર પર આગામી બે વર્ષમાં અમલ થશે.